# GEMI

## Examination for the Post of
## CLERK-CUM-TYPIST

TYPE
**A**

4000105

[Kindly fill up your seat number carefully]

Seat Number

[Please read the following carefully before making an attempt to take the Test]

| | |
|---|---|
| No. of Questions | 100 |
| Total Marks allotted | 100 |
| Marks for every correct Answer | 1 |
| **No negative marks will be awarded** | **For Option "E"** |
| Marks deducted for every wrong Answer or Blank options | 0.25 |
| Time limit | 120 minutes |

SEAL

### Instructions for Candidates

1. **Keep** only the **Hall Ticket**, pencil, eraser and Black/ Blue ball pen with you. DO NOT keep with you books, rulers, slide rules, drawing instruments, calculators (including watch calculators), pagers, cellular phones, or any other device.
2. **Fill up** all the **details** as indicated on top of the **QUESTION BOOKLET** and **OMR Sheet.**
3. **Fill up** correctly your **SEAT number** both on the QUESTION BOOKLET and OMR Sheet.
4. Read these directions carefully and **answer** the questions **by darkening** the appropriate **ovals.**

   All questions are Multiple Choice Questions **(MCQs)**. Each of these questions has four options for answer, out of which only **ONE option is correct.** A candidate has to select the correct option and fill the corresponding letter in the OMR Sheet against the question.

   For Example :

   1) Ahmedabad is the city of which State?

   (A) Maharashtra (B) Tamilnadu

   (C) Gujarat (D) Andhra Pradesh

   (A) (B) ● (D) (E)

   In above example true answer is (C), so the circle of (C) is encoded. Don't write Gujarat in answer.
5. There shall be **negative marking** for each **incorrect answer, 0.25** marks will be **deducted** from the candidate's total marks. No negative marks will be awarded, if the option "E" is selected by the candidates. "E" is not option of answer. However, 0.25 will be deducted if all the options are kept blank.
6. Shade the appropriate oval against each question in the OMR sheet. **Shade** the **oval completely** and **do not** shade **more than one** oval as in that case the answer will be treated null and void and 0.25 marks would be deducted.
7. Use **blue/black ball** point pen only for writing particulars on this page and writing or marking responses on OMR Sheet/shade the oval.
8. The candidates should ensure that the **OMR sheet** is **not folded** or **damaged**. Do not make any **stray marks** on the OMR sheet or **mutilate** the OMR Sheet.
9. Do all **rough work on** the **Question booklet** only and **NOT on** the **OMR Sheet**. No extra sheet is to be used for the rough work.
10. Ensure that you have **signed** your name on the **attendance sheet** circulated by the invigilator. Ensure that the invigilator has signed on the Question Booklet and the OMR Sheet.
11. On **completion of the test**, the candidate MUST **HAND OVER** the **OMR SHEET** to the **Invigilator** in the room/hall.
12. **Strictly follow** the **instructions** of the invigilator. Candidates refusing to comply with the instructions will be expelled from the test.

(1) 'આપઘાતની વાત ભૂલી જવી એવો ઠરાવ કર્યો.' વાક્યમાં અધોરેખિત વિશેષણનો પ્રકાર જણાવતો વિકલ્પ પસંદ કરો.

(A) માત્રસૂચક વિશેષણ (B) ગુણવાચક વિશેષણ

(C) સંબંધવાચક વિશેષણ (D) સંખ્યાવાચક વિશેષણ

(2) વિરુદ્ધાર્થી શબ્દોની ખોટી જોડ હોય તેવો વિકલ્પ કર્યો છે ?

(A) સ્નિગ્ધ x ચળકતું (B) અકરાંતિયું x મિતાહારી

(C) તમોમય x તેજોમય (D) કોલાહલ x નીરવ

(3) 'નામ ને રૂપ મિથ્યા કરવું' રૂઢિપ્રયોગનો અર્થ શું થાય ?

(A) એકતા ન થવું (B) ખૂબ જ મુશ્કેલ કાર્ય કરવું

(C) કુરબાન થઈ જવું (D) નિર્મોહી થઈને જીવવું

(4) 'મિહિર'નો સમાનાર્થી શબ્દ શું થાય ?

(A) રાત (B) સૂર્ય

(C) પંખી (D) કંગાળ

(5) 'મામાના રમેશભાઈ ચોક્કસ કવિ થવાના.' - આ વાક્યમાં 'ચોક્કસ' પદ એ ક્રિયાવિશેષણનો કયો પ્રકાર છે ?

(A) પ્રમાણવાચક ક્રિયાવિશેષણ (B) રીતિવાચક ક્રિયાવિશેષણ

(C) સમયવાચક ક્રિયાવિશેષણ (D) અભિગમવાચી ક્રિયાવિશેષણ

(6) 'એક જમાનામાં કોઈ માંદું પડે તો દાક્તરને સજા કરતા.' - વાક્યનું કર્મણિવાક્યમાં રૂપાંતર શું થાય ?

(A) એક જમાનામાં કોઈ માંદું પડે તો દાક્તરને સજા કરવામાં આવતી.

(B) એક જમાનામાં કોઈ માંદું પડે તો દાક્તર દ્વારા સજા કરવામાં આવતી.

(C) એક જમાનામાં કોઈ માંદું પડે તો દાક્તર સજા કરતા.

(D) એક જમાનામાં કોઈ માંદું પડે તો દાક્તર તરફથી સજા થતી.

(7) 'કૃષ્ણ છે મહાચોર, સ્મરણમાત્રથી જ ચોરી લે પાપ જન્મોનાં' - વાક્યમાં કયો અલંકાર પ્રયોજાયો છે ?

(A) સજીવારોપણ (B) યમક

(C) વ્યાજસ્તુતિ (D) શ્લેષ

(8) પતિએ પીઠ દીધી ને, દયિતા દેખતી રહી, અંતે હાય ! કહી બાળા, મૂર્છિતા ભૂતલે પડી.
– કયા છંદનું ઉદાહરણ છે ?

(A) અનુષ્ટુપ (B) મનહર

(C) મંદાક્રાન્તા (D) શિખરિણી

(9) મધ્યમપદલોપી સમાસ હોય તેવો શબ્દ કયો છે ?

(A) કન્યાપક્ષ (B) લગ્નવિધિ

(C) ત્રિલોક (D) આવકવેરો

(10) 'કેડ પર કાંકરો મૂકવો' રૂઢિપ્રયોગનો અર્થ શું થાય ?

(A) દિલને સંતાપ થવો (B) ઉંમર વધી જવી

(C) સખત મહેનત કરવી (D) હિંમત કે ધીરજ ન રહેવી

(11) 'બે ઘરનો પરોણો ભૂખે મરે' કહેવતનો અર્થ શું થાય ?
(A) અનિશ્ચિત મનોદશા મુશ્કેલી સર્જે.
(B) એક સાથે બે કામ ન થઈ શકે.
(C) બંને બાજુનો લાભ લેવો
(D) સુમેળના અભાવે કામ સિદ્ધ ન થાય.

(12) 'અમારાથી ના કહેવાય ?' કર્મણિ વાક્યનું કર્તરિવાક્યમાં રૂપાંતર શું થાય ?
(A) અમે ના કહીએ ?
(B) અમારાથી કહેવાશે નહીં.
(C) અમારાથી કશું ના કહેવાય ?
(D) અમે કશું કહીશું નહીં.

(13) સાચી જોડણી હોય તે વિકલ્પ શોધો.
(A) સુરાવલી
(B) સુરાવલિ
(C) સૂરાવલિ
(D) સૂરવલી

(14) સઈની સાંજ અને મોચીનું વહાણું – આ કહેવત માટે સમાનાર્થી કહેવત કઈ છે ?
(A) સો સુનારની એક લુહારનો
(B) મોટા એટલા ખોટા
(C) અગસ્ત્યના વાયદા
(D) પાયલાના પાજડીને પૂળો ચરાઈ

(15) લિંગ ઓળખની દૃષ્ટિએ ખોટો વિકલ્પ કયો છે ?
(A) કોકિલ - સ્ત્રીલિંગ
(B) ત્રિકમ - નપુંસકલિંગ
(C) સ્મિત - નપુંસકલિંગ
(D) ચોપાટ - સ્ત્રીલિંગ

(16) નીચે આપેલી પંક્તિમાંનો છંદ ઓળખાવો :
'મને બોલાવે ઓ ગિરિવર તણાં મૌન શિખરો.'
(A) મંદાક્રાન્તા
(B) શિખરણી
(C) ચોપાઈ
(D) અનુષ્ટુપ

(17) 'કરે ગગનના ગોખમાં, ચાંદલિયો ચમકાર.' પંક્તિ કયા છંદનું ઉદાહરણ છે ?
(A) ચોપાઈ
(B) હરિગીત
(C) જુલણા
(D) દોહરો

(18) સંધિવિગ્રહની સાચી જોડ કઈ છે ?
(A) સંચય = સમ્ + ચય
(B) નાવિક = નૈ + ઈક
(C) પ્રતિષ્ઠા = પ્રતિ + ઈષ્ઠા
(D) પાવક = પૌ + અક

(19) 'પડતાને કોણ પાટુ મારે ?' વાક્યમાં કયું પદ કૃદંત છે ?
(A) કોણ
(B) પડતાને
(C) મારે
(D) પાટુ

(20) 'મને તમારી પેન આપશો કે ?' વાક્યમાં કયું પદ 'નિપાત' છે ?
(A) તમારી
(B) પેન
(C) આપશો
(D) કે

(21) 'વહાલાજીનું રૂપ રૂદેમાં વસિયું, મનડું તે ધસિયું મારું.' વાક્યમાં કયું પદ સાર્વનામિક વિશેષણ છે ?

(A) રૂપ
(B) વહાલાજીનું
(C) મનડું
(D) મારું

(22) 'સીમાવાચક નિપાત'નો ઉપયોગ થયો હોય તેવું વાક્ય કયું છે ?

(A) તેને તો બોલવું જ છે.
(B) દાદાજી અમને વાર્તા કહેતા હતા.
(C) તમે માત્ર દૂધ પીઓ.
(D) શું તમે આ કામ કરશો ?

(23) સમાનાર્થી શબ્દોની ખોટી જોડ હોય તેવો વિકલ્પ કયો છે ?

(A) અરવિંદ - ઉત્પલ
(B) અવાજ - નિનાદ
(C) પાદપ - વૃક્ષ
(D) કાનન - સોનું

(24) 'હું ભગવાનનાં દર્શન <u>કરવા</u> નીચે નમ્યો.' વાક્યમાં રેખાંકિત શબ્દ 'કરવા' કૃદંતનો કયો પ્રકાર છે ?

(A) વિધ્યર્થ કૃદંત
(B) હેત્વર્થ કૃદંત
(C) સંબંધક ભૂતકૃદંત
(D) ભૂતકૃદંત

(25) 'સરોજ' શબ્દનો સંધિવિગ્રહ શું થાય ?

(A) સર + ઓજ
(B) સરઃ + જ
(C) સરઃ + અજ
(D) સરો + જ

(26) સાચી જોડણી ધરાવતો વિકલ્પ પસંદ કરો.

(A) ઊર્મિલ
(B) વ્યથીત
(C) વીષાદ
(D) દીશાશૂન્ય

(27) આપેલાં વાક્યોમાં રેખાંકિત પદ 'રીતિવાચક ક્રિયાવિશેષણ' હોય તેવો વિકલ્પ કયો છે ?

(A) મારા પપ્પાને <u>સીધા</u> દવાખાને લઈ જાત.
(B) શીલવંત સાધુને <u>વારેવારે</u> નમીએ.
(C) <u>એકવાર</u> અમારી શાળામાં શિક્ષણમંત્રી આવ્યા હતા.
(D) મળેલા જ્ઞાનને આચરણમાં મૂકવાનું <u>એટલું</u> સહેલું નથી.

(28) 'ચોમાસું આવતાં સૃષ્ટિ નવું જીવન મેળવે છે.' - વાક્ય કયા અલંકારનું ઉદાહરણ છે ?

(A) સજીવારોપણ અલંકાર
(B) શ્લેષ અલંકાર
(C) યમક અલંકાર
(D) વ્યાજસ્તુતિ અલંકાર

(29) આપેલા શબ્દોમાં પુલ્લિંગ હોય તેવા શબ્દો કયા છે ?

(I) માનવી
(II) સંકોચ
(III) ગાયક
(IV) જાત્રાળું

(A) ફક્ત I અને II
(B) ફક્ત II અને III
(C) ફક્ત I અને III
(D) આપેલ તમામ

(30) 'મૂફલિસ' શબ્દ માટે વિરોધી શબ્દ પસંદ કરો.

(A) ગરીબ (B) શ્રીમંત

(C) અકિંચન (D) જાણકાર

(31) જો મગને 80 ગુણના પેપરમાં 60 ગુણ મેળવ્યા હોય તો તેને કેટલા ટકા ગુણ મેળવ્યા હશે ?

(A) 60 (B) 80

(C) 75 (D) 48

(32) જો $A \neq B$ હોય તો $A \times B$ ................. $B \times A$ થાય.

(A) = (B) ≠

(C) < (D) >

(33) $2\frac{9}{36}$ નું વર્ગમૂળ .............. થાય.

(A) $1\frac{5}{6}$ (B) $2\frac{1}{2}$

(C) $3\frac{1}{6}$ (D) $1\frac{1}{2}$

(34) એક શાળાના ખેલાડીઓ પૈકી બાસ્કેટ બોલ, હોકી અને ક્રિકેટ ટીમમાં (દરેકમાં) 20 ખેલાડી છે. બાસ્કેટ બોલ અને હોકી રમતાં 12 ખેલાડી છે. હોકી અને ક્રિકેટ રમતા 11 ખેલાડી છે. ક્રિકેટ અને બાસ્કેટ બોલ રમતા 10 ખેલાડી છે. 5 ખેલાડી ત્રણેય રમત રમે છે. તો કુલ ખેલાડી કેટલા ?

(A) 30 (B) 32

(C) 33 (D) 60

(35) જો $A + B = 2C$ અને $C + D = 2A$ તો

(A) $A + C = B + D$ (B) $A + C = 2D$

(C) $A + D = B + C$ (D) $A + C = 2B$

(36) નકશામાં પ્રદર્શિત પ્રમાણમાપ 1 સે.મી. = 50000 મીટર છે. જો નકશામાં બે શહેર વચ્ચે 8 સે.મી.નું અંતર હોય તો બે શહેર વચ્ચેનું વાસ્તવિક અંતર શોધો ?

(A) 400 km (B) 40000 m

(C) 4000 km (D) 40 km

(37) 6 પાઇપનો ઉપયોગ કરી એક ટાંકી ભરવા માટે 160 મિનિટનો સમય લાગે છે. જો એક ટાંકીને ભરવા માટે 4 પાઇપનો ઉપયોગ કરીએ તો કેટલો સમય લાગે ?

(A) 260 મિનિટ (B) 240 મિનિટ

(C) 180 મિનિટ (D) 220 મિનિટ

(38) કોઈ પણ પ્રાકૃતિક સંખ્યાને તેના અવિભાજ્ય અવયવના ............. સ્વરૂપે લખી શકાય.

(A) સરવાળા (B) બાદબાકી

(C) ગુણાકાર (D) ભાગાકાર

(39) એક ઓરડાની લંબાઈ તેની પહોળાઈ કરતાં અઢીગણી છે. જો તેની ભોંયતળિયાની પરિમિતિ 70 મીટર હોય, તો ઓરડાની લંબાઈ શોધો.

(A) 30 મીટર (B) 20 મીટર
(C) 22 મીટર (D) 25 મીટર

(40) પ્રાપ્તાંકો 145, 163, 172, 133, 105 નો મધ્યક ............. થાય.

(A) 134.6 (B) 143.6
(C) 163.4 (D) 146.3

(41) 6 ની વિભાજ્યતાની ચાવી કઈ છે ?

(A) જો અંકોનો સરવાળો 3નો અવયવી હોય તો
(B) જો સંખ્યાને 2 અને 3 બન્ને વડે ભાગી શકાય તેવું હોય.
(C) જો અંકના એકમના સ્થાન પર 0, 2, 4, 6 અથવા 8 હોય તો
(D) જો સંખ્યાના છેલ્લાં બે અંકોને 6 વડે ભાગી શકાય તો.

(42) 2438424 નીચેના પૈકી કોના વડે નિઃશેષ ભાગી શકાય નહિ.

(A) 2 (B) 3
(C) 9 (D) 8

(43) $\frac{12}{16}$ ને ટકામાં ફેરવો.

(A) 25 % (B) 50%
(C) 100% (D) 75%

(44) સ્તંભાલેખમાં X-અક્ષ પર ................. દર્શાવવામાં આવે છે.

(A) આવૃત્તિ (B) મધ્યકિંમત
(C) સીમાબિંદુઓ (D) એકેય નહિ.

(45) શાળામાં ગ્રામસફાઈ દિન નિમિત્તે 150 બાળકોને સફાઈ કરતાં 6 કલાક લાગે છે. જો 180 બાળકો જોડાય, તો કેટલો સમય લાગે ?

(A) 4 કલાક (B) $4\frac{1}{2}$ કલાક
(C) 5 કલાક (D) $5\frac{1}{2}$ કલાક

(46) જો $a - b = (-8)$, $a^2 + b^2 = 40$, $ab = (-12)$ હોય, તો $a^3 - b^3$ ની કિંમત શોધો.

(A) (– 416) (B) (– 224)
(C) 224 (D) 416

(47) કોઈ પણ પૂર્ણ ઘન સંખ્યાનો એકમનો અંક .............. ન જ હોય.


(A) 0 (B) 2
(C) 5 (D) એકેય નહિ.

(48) ટકાવારીમાં વધારો = $\frac{\rule{3cm}{0.4pt}}{\text{મૂળ (આધાર) રાશિ}}$ x 100

(A) રાશિનો તફાવત (B) રાશિનો ગુણાકાર

(C) રાશિનો ભાગાકાર (D) ટકા

(49) નીચેની આકૃતિમાં $x$ ની કિંમત કેટલી થશે ?




(A) $120^0$

(B) $60^0$

(C) $180^0$

(D) $70^0$

(50) એક ચોરસ બાગ અને એક લંબચોરસ બાગના ક્ષેત્રફળ સમાન છે. જો ચોરસ બાગની બાજુનું માપ 60 મીટર તથા લંબચોરસ બાગની લંબાઈ 90 મીટર હોય તો લંબચોરસ બાગની પહોળાઈ ............. મીટર થાય.

(A) 40 (B) 60

(C) 90 (D) 150

(51) The principal declared <u>a holiday</u> in the morning.
Select an appropriate question to get the underlined word as an answer.

(A) What did the principal declare ?

(B) When did the principal declare a holiday ?

(C) What did the principal declared in the morning ?

(D) Who declared a holiday ?

(52) 'Get habituated' means.

(A) Get habits (B) Get upset

(C) Get acquainted (D) Get used to

(53) You can't have a ration card of this city as you are a ................. of this city. Fill in the blank with proper word.

(A) non-residence (B) residence

(C) non-resident (D) resident

(54) Select the correct spelling.

(A) Florescent (B) Fluorescent

(C) Flaorescent (D) Fluarescent

(55) Give one word Substitation for : A unit of an air force is

(A) Protractors (B) Squadron

(C) Barrack (D) Commander

(56) Ahmedabad / no other city of / as polluted as / Gujarat is .

1 2 3 4

Select the correct order to make a meaningful sentence.

(A) 2,4,3,1 (B) 2,4,1,3

(C) 2,1,4,3 (D) 4,2,3,1

(57) Select a word which is nearly opposite of preserve .

(A) prevent (B) upkeep

(C) destroy (D) import

(58) Does she eat a mango ? Select the correct passive sentence.

(A) Does a mango eaten by her ?

(B) Is a mango ate by her ?

(C) Did a mango eat by her ?

(D) Is a mango eaten by her ?

(59) These tree was grown by them a few years age. How many mistakes are there in the sentence ?

(A) 1 (B) 2

(C) 3 (D) 4

(60) Ketan said to Sunil, "I have something to show you." Select the correct indirect speech.

(A) Ketan told Sunil he had something to show him.

(B) Ketan told Sunil that he has something to show him.

(C) Ketan said Sunil that he had sometning showed to him.

(D) Ketan told Sunil that he had something to show him.

(61) He was looking .................. his lost keys. Put proper Preposition.

(A) at (B) for

(C) after (D) into

(62) Select odd one from the set.

(A) Louder (B) Quiet

(C) Feeble (D) Calm

(63) Select incorrect pair of rhyming word.

(A) dance - glance (B) time - dine

(C) motion - notion (D) arrow - narrow

(64) Dead bodies of animals or men - are called .................. .

(A) Carrion (B) Scavenger

(C) Carcasses (D) Perch

(65) Choose the most appropriate meaning for the underlined word. The enemy planes turn away and disappear.

(A) go up
(B) go back
(C) reappear
(D) vanish

(66) A group of wolves is called.

(A) a pack
(B) a herd
(C) a swarm
(D) a fleet

(67) Select the correct meaning of the expression given below : I am leaving to slay the foe.

(A) I'm determined to win over all the obstacles.
(B) I'll Struggle and search my path.
(C) I'll fight against every small and big problems.
(D) I'll make my own place in this world.

(68) He .............. in the same house since 2004.

Fill in the blank with proper verb form.

(A) has lived
(B) has been living
(C) is living
(D) lived

(69) Frenzy means.

(A) tend something lovingly
(B) that has little value
(C) feeling sleepy.
(D) extremely emotional wave

(70) Select the correct prefix to make a word opposite of : responsible

(A) in
(B) un
(C) ir
(D) il

(71) The hare ran Swiftly. Select the correct negative sentence without change in its meaning.

(A) The hare don't run swiftly.
(B) The hare didn't run slowly.
(C) The hare do not run fast.
(D) The hare didn't run steadily.

(72) Identify the correct emotion of the sentence. What a huge skeleton it is !

(A) Angry
(B) Scared
(C) Disgusted
(D) Surprised

(73) Select the correct degree of comparison.

(A) Kumar is not short as Sohan
(B) Iron is heavier than plastic
(C) Indra is not fatter as Manoj
(D) Sohan is as cleaverer as Rohan

(74) Select the correct reporting verb for the below sentence. "Don't touch it. It's hot."

(A) remind
(B) request
(C) warn
(D) advise

(75) <u>Flapped</u> means.

(A) moved
(B) frightened
(C) tired
(D) fall down

(76) ચંદ્રયાન-3ના સફળ પરીક્ષણ દરમિયાન ISROના ચેરમેન કોણ હતા ?

(A) ડૉ. એસ. સોમનાથ
(B) ડૉ. કે. સીવન
(C) ડૉ. કે. રાધાકૃષ્ણનમ્
(D) ડૉ. જી. માધવન

(77) નીચેના પૈકી કયો દેશ G-20નો સભ્ય નથી ?

(A) બ્રાઝિલ
(B) જાપાન
(C) ભારત
(D) શ્રીલંકા

(78) ધ્રુવ ભટ્ટ દ્વારા નીચે પૈકી કઈ નવલકથા લખવામાં આવેલ છે ?

(A) તત્ત્વમસિ
(B) અખેપાતર
(C) અણસાર
(D) અસૂર્યલોક

(79) એ. આર. રહેમાનને કયા વર્ષમાં 'જય હો' ગીત માટે ઓસ્કાર એવૉર્ડ પ્રાપ્ત થયો હતો ?

(A) 2008
(B) 2009
(C) 2010
(D) 2011

(80) ભરતનાટ્યમ કયા રાજ્યનું નૃત્ય છે ?

(A) કેરલ
(B) આંધ્રપ્રદેશ
(C) કર્ણાટક
(D) તમિલનાડુ

(81) કબ્બડીની રમતમાં અવેજી સહિત કુલ કેટલા ખેલાડી હોય છે ?

(A) 7
(B) 12
(C) 15
(D) 10

(82) નીચે જણાવેલ શબ્દ કઈ રમત સાથે સંકળાયેલા છે ? બુસ્ટર, બ્લોકીંગ, લોબ

(A) ફૂટબોલ
(B) વૉલીબોલ
(C) હૉકી
(D) ક્રિકેટ

(83) ગુજરાતમાં પંચાયતી રાજનો પ્રારંભ કઈ સાલમાં થયો હતો ?

(A) 1960
(B) 1956
(C) 1963
(D) 1974

(84) વિશ્વની સૌથી લાંબી પર્વતમાળા કઈ છે ?

(A) રોકી
(B) હિમાલય
(C) એન્ડિઝ
(D) સુમાત્રા

(85) ભારતમાં નીતિઆયોગના ચેરમેન કોણ હોય છે ?

(A) વડાપ્રધાન
(B) રાષ્ટ્રપતિ
(C) ગૃહપ્રધાન
(D) ઉપરાષ્ટ્રપતિ

(86) આજે સોમવાર હોય તો, 56 દિવસ પછી કયો વાર આવશે ?
(A) બુધવાર (B) સોમવાર
(C) મંગળવાર (D) ગુરુવાર

(87) નીચે સાહિત્યકાર અને સાથે તેમનું તખલ્લુસ આપેલ છે. તે પૈકી કઈ જોડી સાચી નથી.
(A) ઉમાશંકર જોશી - વાસુકિ
(B) રણજિત મો. પટેલ - અનામી
(C) ચિનુ મોદી - ઇર્શાદ
(D) નટવરલાલ પંડ્યા - ઉલ્કા

(88) નીચેના પૈકી કયા શહેરને સૌરાષ્ટ્રના પેરિસ તરીકે ઓળખવામાં આવે છે ?
(A) પોરબંદર (B) રાજકોટ
(C) ભાવનગર (D) જામનગર

(89) 'Father of Indian Modern Art'નું બિરૂદ કોને મળે છે ?
(A) રાજા રવિવર્મા (B) એમ.એફ. હુસેન
(C) નંદલાલ બોસ (D) એસ.એસ. રાઝા

(90) રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર 2018માં કયા ચલચિત્રને રાષ્ટ્રીય એવૉર્ડ મળેલ હતો ?
(A) વિલેજ રોકસ્ટાર્સ (B) છેલ્લો દિવસ
(C) હેલ્લારો (D) ભાગ મિલખા ભાગ

(91) ભારમાં અપાનાર સૌથી મોટો રમત એવૉર્ડ કયો છે ?
(A) ખેલ રત્ન એવૉર્ડ (B) દ્રોણાચાર્ય એવૉર્ડ
(C) મેજર ધ્યાનચંદ એવૉર્ડ (D) અર્જુન એવૉર્ડ

(92) ભારતમાં 'GST'ની શરૂઆત ક્યારે થઈ ?
(A) 2018 (B) 2019
(C) 2017 (D) 2016

(93) નીચેના પૈકી કયું સાધન વાતાવરણની વિવિધ બાબતોના માપન માટે વપરાતું નથી ?
(A) એનીમોમીટર (B) ઓડોમીટર
(C) હાઇગ્રોમીટર (D) બેરોમીટર

(94) G-20, 2023માં ચીફ કો. ઓર્ડિનેટર કોણ હતા ?
(A) અમ્રિતા બેનર્જી (B) અનુરાધા સુન્દરામૂર્તિ
(C) ટી. રાજગોપાલ (D) હર્ષવર્ધન શ્રીંગલા

(95) નીચેનામાંથી કઈ 'Artificial intelligence'ની શાખા છે ?
(A) Machine learning (B) Cyber forensics
(C) Network Design (D) Full Stack Developer

(96) 50 વિદ્યાર્થીઓની સીધી લાઇનમાં પાર્વતી ડાબી બાજુએથી 18માં ક્રમે છે. શિક્ષક દ્વારા ફેરફાર સૂચવતાં પાર્વતી, જમણી બાજુએ 22માં ક્રમે ઊભેલી અંબિકાનું સ્થાન લે છે અને અંબિકા તેનું સ્થાન લે છે. હવે પાર્વતીનું સ્થાન ડાબી બાજુએથી કયા નંબરે હશે ?

(A) 30
(B) 31
(C) 29
(D) કોઈપણ નહીં

(97) રમેશ પ્રસ્થાન બિંદુથી ચાલવાની શરૂઆત કરે છે. તે ત્રણ કિલોમીટર પશ્ચિમ દિશામાં ચાલે છે, પછી તે પોતાની જમણી તરફ વળી પાછો ત્રણ કિલોમીટર ચાલે છે. તો તેનું મો કઈ દિશામાં હશે ?

(A) પૂર્વ
(B) ઉત્તર
(C) પશ્ચિમ
(D) દક્ષિણ

(98) નીચેની સંખ્યાઓના જૂથ પૈકી કયું જૂથ પ્રમાણમાં નથી ?

(A) 3, 21, 5, 35
(B) 4, 8, 10, 20
(C) 2, 7, 14, 49
(D) 2, 11, 4, 21

(99) છ વ્યક્તિઓ એક ગોળ ટેબલની ફરતે બેઠા છે. A અને Z સામ સામે બેઠા છે. Y એ C અને Z ની વચ્ચે છે. B એ A અને X ની વચ્ચે બેઠા છે. B એ A ની ડાબી બાજુએ બેઠા છે. તો C ની જમણી બાજુ કોણ છે ?

(A) X
(B) A
(C) Z
(D) Y

(100) ભારતનો પ્રમાણ સમય લંડન કરતાં સાડા પાંચ કલાક આગળ છે. પાકિસ્તાનનો પ્રમાણ સમય ભારત કરતાં અડધો કલાક પાછળ છે. લંડનમાં સાંજના સાડા પાંચ વાગ્યા હશે ત્યારે પાકિસ્તાનમાં કેટલા વાગ્યા હશે ?

(A) દિવસના અગિયાર
(B) દિવસના સાડા બાર
(C) રાત્રિના સાડા અગિયાર
(D) રાત્રિના સાડા દસ

◆◆◆